# પત્રક ભાગ-૨
# ચૌદમી ગુજરાત વિધાનસભા

## બુધવાર, તારીખ: ૨૮મી ઓક્ટોબર,૨૦૨૦

## ૩૧૧. તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની દાખલપાત્રતા બાબત

માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના ખાતાકીય નિર્ણયોના નિર્ણય ક્રમાંક-૧૪૫,નિર્ણય ક્રમાંક-૧૪૯(સન ૧૯૬૭ થી ૧૯૭૧),નિર્ણય ક્રમાંક-૧૦૧(સન ૧૯૭૮ થી ફેબ્રુઆરી,૧૯૮૦) માં નીચે મુજબના આદેશો અમલમાં છે:

⇨એક વખત રજૂ થયેલ બાબત અંગેની પ્રત્યેક વર્ષની વિગતોને લગતા પ્રશ્નો જાહેર હિતની બાબત ન હોવાથી નામંજૂર કરવા,

⇨અમુક ગાળાની માહિતી પ્રશ્નના જવાબમાં સરકારે એક વખત આપી હોય તો સમયના નજીવા ફેરફાર સાથે તેવી જ માહિતી માંગવામાં કોઇ જાહેર હિત સમાયેલ ન હોઇ તેવા પ્રશ્ન નામંજૂર થવા પાત્ર છે,

⇨"એક વખત જે બાબતની માહિતી આપવામાં આવી હોય તેની તે જ માહિતી માત્ર વર્ષ પૂરૂ થયેથી માંગવામાં આવે તો તે ભેગી કરવા પાછળ કરવામાં આવનાર ખર્ચ, જનારા સમય અને લાગનારા શ્રમની સરખામણીમાં તેની ઉપયોગિતા ઘણી ઓછી છે". ઉપરાંત આવી માહિતી એકત્ર કરવામાં આવે તો રાજ્યના વિકાસ કાર્યક્રમના ઘણા મોટા ભાગને લગતી ઝીણી ઝીણી માહિતી એકત્ર કરવાની રહે.આવું થાય તો સરકારના સંબંધકર્તા ખાતાઓમાં સમય, શ્રમ અને નાણાનો ઘણો મોટો વ્યય થાય"

⇨આ જ પ્રમાણે અન્ય એક નિર્ણય મુજબ "ટૂંકા ટૂંકા સમયના ગાળા બાદ આવી માહિતી માગવાથી કોઇ જાહેર હિત સધાય છે,એમ કહેવું કઠણ છે.પ્રશ્ન પૂછવાના હક્કનો આમ કરવાથી દુરૂપયોગ થયો ગણાય"

આમ, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોના જવાબોમાં રજૂ થયેલ માહિતીમાં સમયના ટૂંકા સમયગાળા બાદ તેવી જ માહિતી માંગતા પ્રશ્નો પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણય અનુસાર દાખલપાત્ર નથી. તેમ છતાં, છેલ્લા કેટલાક વર્ષોથી તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોના સંદર્ભમાં એવું ધોરણ પ્રસ્થાપિત થયેલ છે કે ગૃહમાં એક વખત જે વિષયની માહિતી રજૂ થઇ ગયેલ હોઇ, તેના છ માસથી વધારાના સમયગાળાની માહિતી માંગતા પ્રશ્નો દાખલ કરવામાં આવે છે. એક વર્ષથી ઓછા સમયની માહિતી માંગતા પ્રશ્નો દાખલ કરવાનું ધોરણ વાજબી જણાતું નથી. એક વર્ષનું ધોરણ અમલમાં મૂકવાથી નવા વિષયોના અન્ય મહત્વના પ્રશ્નો સભ્યશ્રીઓ દ્વારા રજૂ થશે,જે જાહેરહિતમાં વધારે યોગ્ય જણાય છે.

તેથી માન.અધ્યક્ષશ્રીએ માહિતી માંગતા પ્રશ્નો દાખલ કરવાના હાલના છ માસથી ઉપરના સમયગાળાના ધોરણમાં પુન:વિચારણા કરીને "અગાઉ અપાય ગયેલ જવાબ બાદ એક વર્ષ કે તેથી વધુ સમયગાળા બાદની માહિતી માંગતા પ્રશ્નો દાખલ કરવાનું ઠરાવેલ છે."

(૨) વધુમાં, અતારાંકિત પ્રશ્નોમાં છેલ્લા પાંચ વર્ષની માહિતી માંગતા પ્રશ્નો દાખલ કરવાના ધોરણમાં પણ પુન:વિચારણા કરી છે. છેલ્લા પાંચ વર્ષોની માહિતીની ઉપયોગિતાની સરખામણીમાં તે એકત્રિત કરવા પાછળના સરકારી સંશાધનો અને રાજ્યના સમગ્ર વહીવટીતંત્ર દ્વારા જનાર સમય, કરવામાં આવતા ખર્ચનું પ્રમાણ તેમજ પ્રશ્નના જવાબની મર્યાદામાં ન આવે તેવી વિસ્તૃત માહિતીના અતારાંકિત પ્રશ્નોમાં છેલ્લા પાંચ વર્ષની માહિતી માંગતા પ્રશ્નોને બદલે છેલ્લા ત્રણ વર્ષની માહિતી માંગતા પ્રશ્નો દાખલ કરવાનું માન.અધ્યક્ષશ્રીએ ઠરાવેલ છે.તારાંકિત પ્રશ્નો અંગે છેલ્લા બે વર્ષની માહિતી માંગતા પ્રશ્નોના ધોરણમાં કોઇ ફેરફાર કર્યો નથી. માનનીય સભ્યશ્રીઓએ પ્રશ્નોની સૂચનાઓ મોકલતી વખતે આ બાબત ધ્યાને લેવા વિનંતી છે.

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

ડી.એમ.પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા